## નાનાં તથા મધ્યમ ખેડૂતો માટે ખાસ વન ટાઇમ સેટલમેન્ટ (OTS) સ્કીમ

**ડી બી ઓ ડી. નં.બી પી. બી સી. 40 /21.05.004/2002-03**

6 નવેમ્બર, 2002

તમામ શીડયુલ કોમર્શીયલ બેંકો
(RRBs તથા LABs સિવાય)

સાહેબશ્રી,

**નાનાં તથા મધ્યમ ખેડૂતો માટે ખાસ વન ટાઇમ સેટલમેન્ટ (ઓ ટી એસ) સ્કીમ**

કૃપા કરી અમારા પરિપત્રક્રમાં ડી બી ઓ ડી. નં.બી પી. બી સી. 80/21.04.117/2001-02 તા. 22, માર્ચ 2002

વિષય : જાહેર ક્ષેત્રની બેંકમાંથી રૂ. 50,000 સુધીનું ધિરાણ મેળવનાર નાનાં તથા મધ્યમ ખેડૂતો માટે ખાસ વન ટાઇમ સેટલમેન્ટ સ્કીમની જોગવાઇઓ જોશો. આ જોગવાઇઓમાંની ફકરા 2(i) (ડી) ને લગતા સૂચનો 31, ડિસેમ્બર 2002 સુધી જ લાગુ રહેશે.

2. ભારત સરકાર તથા આરબીઆઇ ને વિવિધ બેંકો દ્વારા આ જોગવાઇની તારીખ લંબાવવા માટેની ઘણી બધી અરજીઓ મળી છે. આજોતાં તથા દેશનાં વિવિધ ભાગોમાં દુકાન અને પૂરની પરિસ્થિતિ હોવાથી ભારત સરકાર સાથે મળી આરબીઆઈ એ આ જોગવાઇઓની મુદત 31 માર્ચ, 2003 (વધુ ત્રણ મહિના) સુધી વધારવાની મંજૂરી આપી છે.

3. આ પત્ર મળ્યાની જાણ કરશો.

આપનો વિશ્વાસુ,

સહી/-
બી. મહાપાત્ર
મહા પ્રબંધક